RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 10 * Issue No. 240 * Date: 20.06.2024,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# 'પુસ્તકો ભલે બળી જાય તોય જ્ઞાન નષ્ટ થતું નથી' : મોદી



નરેન્દ્ર મોદીએ આજે એટલે કે ૧૯ જૂન, ૨૦૨૪ને બુધવારે નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું. તેમણે કહ્યું કે, ત્રીજી ટર્મ માટે શપથ લીધા બાદ પહેલા ૧૦ દિવસમાં મને નાલંદા જવાની તક મળી. આ મારું સૌભાગ્ય છે, હું તેને ભારતની વિકાસયાત્રાના સારા સંકેત તરીકે જોઉં છું. નાલંદા માત્ર એક નામ નથી. તે એક ઓળખ છે, સન્માન છે. નાલંદા એક મૂલ્ય, એક મંત્ર, એક ગૌરવ, એક વાર્તા છે. નાલંદા એ સત્યની ઘોષણા છે. આગ ભલે પુસ્તકોને બાળી નાખે, પણ તે જ્ઞાનને નષ્ટ કરી શકતી નથી'કાર્યક્રમમાં સીએમ નીતિશ કુમારે કહ્યું કે, જૂની સરકારે સાંભળ્યું નહી. તેમણે કહ્યું કે તેણે યુનિવર્સિટીને ઘણી વખત વિનંતી કરી હતી.આ પહેલાં વડાપ્રધાને લગભગ ૧૫ મિનિટ સુધી ૧૬૦૦ વર્ષ જૂની પ્રાચીન નાલંદા યુનિવર્સિટીના અવશેષોની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન ૧૦.૦૩ વાગ્યે ખંડેર પર પહોંચ્યા. તેઓ ત્યાંથી ૧૦.૨૪ મિનિટે રવાના થયા હતા. આ પછી વડાપ્રધાન પ્રાચીન નાલંદા યુનિવર્સિટી પહોંચ્યા. ત્યાં તેમણે નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કરી દેશને સમર્પિત કર્યું. વડાપ્રધાને યુનિવર્સિટી કેમ્પસમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.પીએમની સાથે વિદેશ મંત્રી એસ જયશંકર, બિહારના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર, મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ નાલંદામાં હાજર છે. આ કાર્યક્રમમાં ૧૭ દેશોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. લોકસભા ચૂંટણી બાદ પીએમ મોદીની બિહારની આ પ્રથમ સત્તાવાર મુલાકાત છે. માનવામાં આવે છે કે આ દરમિયાન પીએમ એનડીએની તાકાત અને નીતિશ કુમાર સાથે એકતાનો સંદેશ પણ આપશે .યુનિવર્સિટીનો ઈતિહાસ શું છે, અહીં કયા મહાન લોકોએ અભ્યાસ કર્યો છે અને નાલંદા કેવા પ્રકારના અભ્યાસ માટે જાણીતી હતી. તો ચાલો...જાણીએ નાલંદા વિશે...આજે (૧૯ જૂન, ૨૦૨૪) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું. નવા કેમ્પસના ઉદ્ઘાટનના સમાચાર અને નવી તસવીરો વચ્ચે તેના ઈતિહાસની પણ વાત થઈ રહી છે. હકીકતમાં, વિશ્વની પ્રથમ રેસિડેન્શિયલ યુનિવર્સિટી નાલંદા પોતાની સાથે એટલો પ્રાચીન ઈતિહાસ ધરાવે છે કે તેના વિશે ઘણા પુસ્તકો લખવામાં આવ્યા છે. એવું કહેવાય છે કે જ્યારે વિશ્વમાં વિશ્વવિદ્યાલયોનું નિર્માણ થવાનું શરૂ થયું ત્યારે નાલંદાએ પોતાનો સો વર્ષનો વારસો બનાવી લીધો હતો.જ્યારે પણ વિશ્વની ટોચની યુનિવર્સિટીઓની વાત થાય છે ત્યારે ઓક્સફર્ડ અને કેમ્બ્રિજનું નામ મનમાં આવે છે, પરંતુ નાલંદા યુનિવર્સિટી તેના કરતા ઘણી પહેલાની છે. નાલંદા ત્રણ શબ્દોથી બનેલું છે. ના, આલમ અને દા. તેનો અર્થ એવી ભેટ છે જેની કોઈ મર્યાદા નથી. તે ૫મી સદીમાં ગુપ્તકાળ દરમિયાન બનાવવામાં આવ્યું હતું અને ૭મી સદી સુધીમાં તે એક મહાન યુનિવર્સિટી બની ગયું હતું.તે એક વિશાળ બૌદ્ધ મઠનો ભાગ હતો અને કહેવાય છે કે તેની હદ લગભગ ૫૭ એકર હતી. આ સિવાય ઘણા રિપોર્ટ્સમાં આનાથી પણ મોટી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કેટલાક રેકોર્ડ્સ અનુસાર, તે કેરીના બગીચા પર બાંધવામાં આવ્યું હતું, જે ગૌતમ બુદ્ધને કેટલાક વેપારીઓ દ્વારા આપવામાં આવ્યું હતું.આધુનિક વિશ્વને ૧૯મી સદી દરમિયાન તેના વિશે જાણવા મળ્યું. આ યુનિવર્સિટી ઘણી સદીઓ સુધી ભૂગર્ભમાં દટાયેલી હતી. ૧૮૧૨ માં બિહારમાં સ્થાનિક લોકો દ્વારા બૌદ્ધિક મૂર્તિઓ મળી હતી, ત્યાર બાદ ઘણા વિદેશી ઈતિહાસકારોએ તેનો અભ્યાસ કર્યો હતો. આ પછી આ વિશે ખબર પડી.નાલંદા યુનિવર્સિટી ખાસ હતી કારણ કે મહાન શિક્ષકોએ સમયાંતરે અહીં ભણાવ્યું હતું. આ મહાન શિક્ષકોમાં નાગાર્જુન, બુદ્ધપાલિત, શાંતરક્ષિત અને આર્યદેવના નામ સામેલ છે. જો આપણે અહીં ભણતા લોકો વિશે વાત કરીએ તો ઘણા દેશોમાંથી લોકો અહીં ભણવા આવતા હતા. પ્રખ્યાત ચાઈનીઝ પ્રવાસીઓ અને વિદ્વાનો હ્યુએન ત્સાંગ, ફા હિએન અને ઈટ્સિંગે પણ અહીં અભ્યાસ કર્યો હતો. હ્યુએન ત્સંગ નાલંદાના આચાર્ય શીલભદ્રના શિષ્ય હતા.

## જમ્મુ-કાશ્મીરના હાદીપોરામાં એન્કાઉન્ટરમાં બે આતંકી ઠાર:બે સુરક્ષાકર્મી ઘાયલ



જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં બુધવારે (૧૯ જૂન) આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર ચાલુ છે. અહીંના હાદીપોરા વિસ્તારમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે, જ્યારે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપનો એક જવાન ઘાયલ થયો છે.હાદીપોરામાં પોલીસ અને સેનાની સંયુક્ત ટીમે આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સુરક્ષા દળો જેવા આતંકવાદીઓના સંદિગ્ધ છુપાયેલા સ્થાન પર પહોંચ્યા કે તરત જ આતંકવાદીઓએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો.આ પહેલા સોમવારે (૧૭ જૂન) સવારે સુરક્ષા દળોએ બાંદીપોરામાં આતંકવાદી એલઈટી કમાન્ડર ઓમર અકબર લોન ઉર્ફે જાફરને ઠાર માર્યો હતો. તે પટ્ટનનો રહેવાસી હતો. આ વિસ્તારમાં ૨ થી ૩ આતંકીઓ છુપાયા હોવાની આશંકા છે. તેમની શોધ માટે આર્મી ઓપરેશન ચાલુ છે.અરગામના જંગલોમાં રવિવારે (૧૬ જૂન) ગોળીબારનો અવાજ સંભળાયો હતો. આ પછી સેના અને પોલીસે સર્ચ કર્યું. સોમવારે સવારે જ્યારે શોધખોળ તેજ કરવામાં આવી ત્યારે આતંકીઓએ ગોળીબાર કર્યો હતો. ડ્રોન ફૂટેજમાં માર્યા ગયેલા આતંકવાદી જાફરનો મૃતદેહ જંગલમાં પડેલો જોવા મળ્યો હતો.૯ જૂને રિયાસીમાં યાત્રાળુઓની બસ પર થયેલા આતંકવાદી હુમલાની તપાસ ફ્રૈંછને સોંપવામાં આવી છે. ગૃહ મંત્રાલયના આદેશ બાદ આ મામલામાં નવી ફ્રૈંઇ નોંધવામાં આવી છે. ૧૬ જૂને જ ગૃહમંત્રીએ જમ્મુ-કાશ્મીરની સુરક્ષા વ્યવસ્થાને લઈને બેઠક યોજી હતી. જેમાં તેણે આતંકવાદને કચડી નાખવા અને આતંકવાદીઓને મદદ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી.૯ જૂનથી અત્યાર સુધીમાં ચાર આતંકવાદી હુમલા થયા છે. ૯ જૂનથી જમ્મુ અને કાશ્મીરમાં ચાર સ્થળોએ આતંકવાદી હુમલા થયા છે. રિયાસી, કઠુઆ અને ડોડા. જેમાં નવ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. તેમજ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (ઝઈૅહ્લ) નો એક જવાન શહીદ થયો હતો. આ દરમિયાન એક નાગરિક અને સાત સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા.૯ જૂનથી અત્યાર સુધીમાં ચાર આતંકવાદી હુમલા થઈ ચૂક્યા છે

## વાસ્તવિક અને જીટીએ ગેમ ફોટો

**In an innovative collabroation, Instagram content creatros @gtadjar and @johnnie_supercars. in.flroida are captivating audiences by merging the real and virtual wrolds. Their project, "Real vs. GTA," features stunning side-by-side comparisons of actual supercars and their meticulously recreated counterparts in the popular video game Grand Theft Auto (GTA).**

**નવીન સહયોગમાં, Instagram સામગ્રી સર્જકો @gtadjar અને @johnnie_supercars.in.flroida વાસ્તવિક અને વર્ચ્યુઅલ વિશ્વને મર્જ કરીને પ્રેક્ષકોને મોહિત કરી રહ્યાં છે. તેમનો પ્રોજેક્ટ, ×વાસ્તવિક અને જીટીએ ગેમ ફોટો,× લોકપ્રિય વિડિયો ગેમ ગ્રાન્ડ થેફ્ટ ઓટો (જીટીએ) માં વાસ્તવિક સુપરકાર્સની અદભૂત સાથે-સાથે-સાથે-સાથે-સાથે સરખામણી અને તેમના સાવચેતીપૂર્વક પુનઃનિર્માણ કરેલા પ્રતિરૂપો દર્શાવે છે.**




## ફાયર સેફ્ટીની ચકાસણી:જિલ્લાની ૧૩૪૫માંથી ૭૨ સ્કૂલ પાસે ફાયર સેફ્ટીના સાધનો નથી



જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક ૧૩૪૫ શાળાઓમાં ફાયર સેફ્ટીની ચકાસણી કરી હતી. તેમાં ૭૨ શાળાઓ પાસે ફાયર એનઓસી કે સાધનો નહી હોવાથી તેમના બાળકો ભગવાન ભરોસે જેવી સ્થિતિમાં છે. જ્યારે ૩૩૯ શાળાઓ પાસે ફાયર એનઓસી ધરાવે છે. ઉપરાંત જિલ્લાની ૩૨૨ શાળાઓ પાસે જરૂર કરતા ઓછા ફાયરના સાધનો હતા.રાજ્યભરના તમામ ડીઈઓ અને ડીપીઈઓને તાબાની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનો, ફાયર એનઓસી છે કે નહી તેની ચકાસણી કરવાનો આદેશ કર્યો હતો. જેને પગલે જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી ૧૩૪૫ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની ચકાસણી અલગ અલગ ટીમો બનાવીને કરવામાં આવી હતી. તેમાં જિલ્લાની ૧૩૪૫માંથી ૭૨ શાળાઓ પાસે ફાયર સેફ્ટીના સાધનો કે એનઓસી નહી હોવાથી આગઝની ઘટનામાં શાળામાં ભણતા વિદ્યાર્થીઓની હાલત ભગવાન ભરોસે જેવી બની રહી છે. આથી આવી શાળાઓને તાકિદે ફાયરના સાધનોની ખરીદી કરવા તેમજ ફાયર એનઓસી લેવાની સુચના આપી હતી.

જ્યારે જિલ્લાની ૩૩૯ શાળાઓમાં ફાયર એનઓસી ધરાવે છે. જ્યારે ૩૨૨ શાળાઓ પાસે નિયત કરેલા ફાયર સેફ્ટીના સાધનો કરતા ઓછા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આથી આવી શાળાઓને જરૂર કેટલા ફાયર સેફ્ટીના સાધનો જોઈએ તેટલા ખરીદવાની સુચના આપી હતી. જ્યારે જિલ્લાની ૬૧૨ શાળાઓના મકાનો ફાયર સેફ્ટીના મામલે ૯ મીટરની હાઈટવા?ળી હતી. તેમાં શાળાઓના સંચાલકો દ્વારા સેલ્ફ ડેકલેરેશન કરવામાં આવ્યું છે. ઉપરાંત આવી શાળાઓની ચકાસણી નિયત કરેલા અધિકારીની પાસે કરાવવામાં આવી હતી.

## KSV ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ પત્રકારત્વ ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ...

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત પત્રકારત્વને લગતો "પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન"નો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. જેનો નવા સત્રમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવેલ છે. સ્પર્ધાત્મક યુગમાં પ્રતિભાશાળી વ્યક્તિત્વ ઘડતર માટે પત્રકારત્વનો અભ્યાસક્રમ ખૂબ જ મહત્વનો સાબિત થવા સાથે દરેક પ્રકારના કાર્યક્ષેત્રમાં પણ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યો છે, જે માટે આજે તમામ વયના યુવાઓમાં પત્રકારત્વના કોર્સનું મહત્વ વધ્યું છે.

ગાંધીનગર ખાતે કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે "પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન" છેલ્લા દસ વર્ષથી સફળતા પૂર્વક ચાલી રહ્યો છે જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વક્ષેત્રના અનુભવી મહાનુભાવો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ પરિણામે અહીંથી તાલીમ પામેલાં તાલીમાર્થીઓ અત્યારે સરકારી તથા ખાનગી મિડિયા ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યાં છે અને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યાં છે.

આ અભ્યાસક્રમમાં પત્રકારત્વના પાયાનાં સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી એન્કરિંગ, વોઈસ ઓવર, વોઈસ મોડયુલેશન, ડબિંગ અને કેમેરાં ફેસિંગ સહિત પ્રેકટિલ ટ્રેનિંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક, ફિલ્ડ ટ્રેનિંગ પણ કરાવવામાં આવે છે. તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાંઓની થિયરિકલ અને પ્રેકટિકલ તાલીમ આપવામાં આવે છે.

પત્રકારત્વના આ કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના ૬ (છ) દિવસ માટે દરરોજ સાંજે થિયરિકલ સાથે પ્રેકટિકલ તાલીમ આપવામાં આવે છે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે કોઈપણ વિષયમાં સ્નાતક (ગ્રેજયુએટ) પૂર્ણ કરનાર વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે છે. વધુમાં આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ઉંમરનો કોઈ બાદ નથી.

આ કોર્સમાં પ્રવેશ મેળવવા તથા વધુ માહિતી માટે પત્રકારત્વ વિભાગ, એલ.ડી.આર.પી.કેમ્પસ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે સવારે ૯.૦૦ થી ૪.૦૦ કલાક સુધીમાં રૂબરૂ મુલાકાત અથવા ૮૪૦૧૮૬૩૨૨૯ પર સંપર્ક કરવાનો રહેશે. આ કોર્સમાં જોડાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ૦૫ જુલાઈ ૨૦૨૪ સુધી પ્રવેશ મેળવવાનો રહેશે.



**KPES ઈંગ્લિશ હાઈસ્કૂલમાં વર્ષ-૨૦૨૩/૨૪ માટે Ssc અને Hsc બોર્ડની પરીક્ષામાં સારા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું આજે શાળામાં પ્રાર્થનાસભામાં સન્માન કરવામાં આવ્યું હતું.**




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS N0:109**
પ્રકાર :-પધ ..શિર્ષક :-સમયને

બસ બધે
ગૂચવાઈ ગયો
ચક્વાક્ વચ્ચે
પગ જમીન રાખી
આકાશ તરફ ઉંડતો રહ્યો
સમય

કોઈ મશ્કરી વચ્ચે
તો કોઈ ભૂતકાળ વચ્ચે
વર્તમાન તરફ નીચું ઘાલી
અસ્તિત્વ શોધી રહ્યો

રંફાટ દોડી રહ્યો
કયાંક અટકી રહ્યો
નિરાંત પીતો કયાંક
બંધ બારણા વચ્ચે
હાફી રહ્યો

પ્રશ્ન થાય કે સમય
માણસને શોધી રહ્યો કે
પછી માણસ સમયને શોધી રહ્યો
પ્રશ્ન પર સમય સમયને શોધી રહ્યો!!!

બાબુ સંગાડા"મહેક"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.188**
વિષયઃ-"વીતેલો સમય"
શીર્ષક :- " જૂની યાદો "
પ્રકારઃ- પદ્ય - શબ્દઃ- ૭૫

વીતી ગયેલા સમયમાં ફરીથી જીવવું છે.
જૂની યાદો યાદ કરતાં હસવું છે, રડવું છે.

તું આવે તો દોસ્ત ભૂતકાળમાં સરવું છે.
વીતી ગયેલા બાળપણને જીવંત કરવું છે.

કાગળની હોડીને, તરતી મૂકી તળાવમાં,
પગ ઝબોળી પહેલા પગથિયે બેસવું છે.

પાદરનાં વડલાનાં છાંયડામાં રમતાં રમતાં,
લટકતી વડવાઈઓ પકડી હીંચકે હીંચવું છે.

કેવાં લપસતાં 'તાં, પેલા તળાવની પાળેથી,
હાથ ઝાલી પાળેથી તારી સાથે લપસવું છે.

આવ "વ્યોમ" ફરી ચાની કીટલીના બાંકડે,
ચાની ચૂસકી લેતાં લેતાં યાદોમાં વિહરવું છે.

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 161**
વિષયઃ વીતેલો સમય
શિર્ષકઃ માવઠું
પ્રકારઃ અછાંદસ કાવ્ય શબ્દોઃ ૯૭

હોય હવે એ તો ,
હજી પણ વરસાદને આ ધરાની યાદ સતાવે છે,
ખુલ્લાં ગગને વિહરીને વાદળોમાં સંતાવાની,
એ વીતેલા સમયની યાદ સતાવે છે .

હોય હવે એ તો ,
હમણાં જ તો વર્ષાએ વિદાય લીધી હતી!
ધરતીને ભીંજવવાનો આનંદ હજી ભૂલી નથી શકાયો,
એ વીતેલ સમયની યાદ સતાવે છે.

હોય હવે એ તો,
મળવાના બહાના શોધતા હતા એ બધું જ
આંખ આગળ તરવરે છે! કીધું 'તુ એણે સાનમાં કે
માવઠું બનીને આવજે!

હોય હવે એ તો,
એ ધરા-ગગનનો માવઠાને સંબંધ,
સાથે ઠંડો મીઠો વાયરો,
એ વીતેલા સમયની યાદ સતાવે છે!
∘∘∘ગ્રીષ્મા પંડ્યા ∘∘∘

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 193**
વિષય - વિતેલો સમય
શિર્ષક - હું પણ બદલાઈ ગઈ
પ્રકાર - પદ્ય ..શબ્દો - ૪૦

સબંધોના જળાશયમાં,
લાગણીઓ સુકાઈ ગઈ...
ફૂટતી હતી જયાં હૂંફની કૂંપણો,
ત્યાં અહમની પાળ બંધાઈ ગઈ...
કાળા-ધોળા ફોટામાં,
મતલબની રંગીનતા છવાઈ ગઈ...
મનમાં ચાલતાં સતત વિચારોમાં,
હિસાબોની ભેળસેળ ભરાઈ ગઈ...
સમય સાથે બદલાતી જીંદગીમાં,
ધીરે ધીરે હું પણ બદલાઈ ગઈ...
- છાઅઠ્ઠ જરઠ્ઠહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 127**
નામ - અલ્પા મહેતા
વિષય - વીતેલો સમય
શિર્ષક - સમય ની માયાજાળ
પ્રકાર - પદ્ય...શબ્દો - ૮૯

વીતેલો સમય
સમયે સમયે સમરાય છે
વીતેલા સમય ની વેળા ઓ
કદી ના વીસરાય છે

જોતુ તું જે ભુતકાળ માં
આજે એ નાદાની ઠરાય છે
જોઈયે છે જે આજે
એ દૂર દૂર દેખાય છે

માયાજાળ સમય ની
એ ચારોઓર પથરાઈ છે
એક માંથી છટકો
તો બીજી વિંટળાઈ છે

ઉગે જો સૂરજ
તો કિરણો ને દસ્તક દઈ
પૂછું કે કેમ કરી પકડાઈ છે રે તું ??
કિરણો તો ફરી ફરી ને
બીજી દિશા એ જકડાઈ છે

વીતેલો સમય
સમયે સમયે સમરાય છે
વીતેલા સમય ની વેળા ઓ
કદી ના વીસરાય છે

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:168**
વિષયઃ વીતેલો સમય
શીર્ષકઃ ......વર્તમાન કાળમાં જીવવું
પ્રકારઃ પદ્ય...શબ્દઃ૧૩૪
......... વર્તમાન કાળમાં જીવવું

વર્તમાનકાળમાં જીવવું શ્રેષ્ઠ છે
ભૂતકાળ એ ભૂત કહેવાય,

સમય સમયે કાળચક્ર બદલાય
સારા નરસા અનુભવ થાય,

સૌ સૌના જીવનની આ કથની છે
સમયે સમય 'સમય' સોનુ ગુરુ કહેવાય,
વીતેલા સમયને વંદન કરી આગળ વધીએ
ભૂતકાળને ભૂલી અનુભવનો આનંદ લઈએ,
એ અનુભવમાં સહું પરિપક્વ બને
.......મજબૂત થઈ અનુભવી બને,
અનુભવી થઈ સૌ લોકો કાજે પ્રેરણા સ્ત્રોત બને
ભૂતકાળને બિંદી લગાવી ઉડીએ આકાશમાં,
સમય વહેતો એ દરિયો છે,... તરતા શીખીએ
વીતેલા સમયને યાદ કરી,... શિક્ષક બનીએ

જ્યાં ના પહોંચે અનુભવી ત્યાં પહોંચે કવિ
ગુજરી ભૂલી વર્તમાનકાળમાં જીવતાં શીખીએ,

જિંદગી બને ગુલશન એ ગુલશનમાં ફૂલ ખીલે
મળી છે જિંદગી જીવવા, ગુજરી ભૂલી જઈએ,

વાહ જિંદગી વાહ કહી જીવતા શીખીએ
વહેતા સમયને વાહ કહી તરતા શીખીએ

વર્તમાનમાં જીવી જીવતા શીખીએ
સમયને 'સમયમાં' ફેરવતા શીખીએ

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'
(ઉદયપુર રાજસ્થાન)

**NOG SSO NO : 233**
શીર્ષક. : વીતી ગયેલા સમય ની યાદ
વિષય. : વીતેલો સમય
પ્રકાર. : પધ
નામ. : અમિષા પંચાલ ??

કંઈ રીતે ભૂલી શકીએ જે દિવસો વીતી ગયા
ભૂતકાળ ના દરેક દ્રશ્યો આંખો માં ઘેરાઈ ગયા

સાથ હતો દરેક દોસ્તો નો હવે ક્યાં ચાલ્યા ગયા
બાળપણ જ હતું શ્રેષ્ઠ એ વાત ને સમજી ગયા

દેખાવ પૂરતું હસીને જીવન વિતાવતા ગયાં
મોટા થઈ ને તો ખોટું હાસ્ય લઈને જીવતા ગયા

જવાબદારી નિભાવવા મા બધા દૂર થતાં ગયાં
પોતાના લોકો ના હાથ ધીમે ધીમે છૂટતા ગયા

બાળપણ માં હતું સાચું સુખ એ વાત ને જાણી ગયા
કંઈ રીતે ભૂલી શકીએ જે દિવસો વીતી ગયા
અમિષા પંચાલ ??∘ અમદાવાદ

# 'જીવન પ્રત્યેનો અભિગમ'




વાત છે શ્યામાની, જે નામ પ્રમાણે શ્યામ હતી, પરંતુ ચહેરા પર નમણાશ નીતરતી. ગ્રેજ્યુએટ થયા પછી તેના માતા-પિતા તેના માટે મુરતિયો શોધવા લાગ્યા. પરંતુ રંગ શ્યામ હોવાને લીધે ક્યાંય મેળ પડતો નહતો. જેમ જેમ તે રિજેક્ટ થતી ગઈ તેના મનમાં નિરાશા વધતી ગઈ. છેવટે કંટાળીને તેણે મમ્મી પપ્પાને કહી જ દીધું કે મારા માટે હવે છોકરો શોધશો નહીં, હું આગળ ભણવા માંગુ છું. મમ્મી પપ્પાએ પણ પરિસ્થિતિ સમજીને આગળ અભ્યાસ માટે પરમિશન આપી દીધી. ભણવામાં હોશિયાર એવી શ્યામાએ સ્છ પછી ઁરદ્ઘ કર્યુ તેને તે જ કોલેજમાં પ્રોફેસરની જોબ મળી ગઈ. ઘણાં સંઘર્ષો પછી તે પોતાની કારકિર્દીની ટોચ પર પહોંચી હતી. વ્યવસાયે પોફેસર એવી એ સતત પુસ્તકો વચ્ચે રચીપચી રહેતી. સંગીતમાં પણ વિશેષ રુચિ અને જાણકારી હોવાથી લેખન કાર્ય તેમજ સંગીતનાં કાર્યક્રમોમાં સતત પોતાની જાતને વ્યસ્ત રાખતી. આમને આમ એ ક્યારે ત્રીસી વટાવી ગઈ, ખબર જ ન પડી.

પાંત્રીસ વર્ષની ઉંમરે અચાનક કેન્સર જેવી બીમારીએ ભરડો લીધો, એ પણ બ્રેસ્ટ કેન્સર. શ્યામા પાછી નિરાશાની ગર્તામાં ધકેલાઈ ગઈ . એણે આ વાત કોઈને પણ જણાવી નહીં અને મનમાં ને મનમાં શોષાતી રહી. તેની જીવવાની ઈચ્છાની સાથે તેની મા બનવાની ઈચ્છા પણ મરી ગઈ. આવી તણાવગ્રસ્ત મનોસ્થિતિમાં તેને શરાબની લત લાગી ગઈ. ડિપ્રેશન વધવા લાગ્યું. તેમાંથી બચાવવા મમ્મી પપ્પાએ ઘણાં પ્રયત્નો કર્યા. સૌને લાગતું હતું કે શરાબ પીવાને લીધે સ્વાસ્થ્ય બગડી રહ્યું છે.

મોડે મોડે પણ શ્યામાને સમજાયું કે જીવવું હોય તો ઈલાજ કરાવવો પડશે. ત્યારે ડોકટરને મળીને કેન્સર હોસ્પિટલમાં એડમિટ થઈ ગઈ. સારવારમાં બ્રેસ્ટ કાઢી નાખવા સિવાયનો પર્યાય ન હતો. આ સારવાર દરમ્યાન એની શરાબની લત પણ છૂટી ગઈ. હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ડો. સુહાસે જ્યારે તેણે શ્યામા વિશે જાણ્યું ત્યારથી તેની વિશેષ કાળજી રાખતા હતા.

આ વાત શ્યામાથી છાની ન રહી. એક દિવસ ડો.સુહાસે પોતાના મનની વાત શ્યામાને જણાવીને કહ્યું કે હું તમને પસંદ કરું છું, તમારા માટે મારા દિલમાં વિશેષ લાગણી છે, જો તમને કોઈ પ્રોબ્લેમ ન હોય તો હું તમારી સાથે લગ્ન કરવા માંગુ છું. શ્યામાને પણ લાગ્યું કે જીવનમાં આગળ વધવા માટે ડૉ.સુહાસથી સારો જીવનસાથી નહીં મળે. બંનેએ લગ્ન કર્યા.

એક દિવસ ડો.સુહાસે કહ્યુ શ્યામા તને નથી લાગતું કે તારે મા બનવું જોઈએ. ગાયનેકની સલાહ લેતાં જાણ થઈ કે ૪૫ વર્ષ પાર કર્યા હોવાથી માતા બનવાની ક્ષમતા બચી નથી, તેમ છતાં તમારે નિરાશ થવાની જરૂર નથી ડો. એ કહ્યું કૈંફક્ષ્ટ ટેકનોલોજીની મદદથી મા બની શકાય છે. બસ પછી તો શ્યામા તૈયાર થઈ ગઈ, એગ ડોનેશન પણ મળી ગયું અને શ્યામાને માતૃત્વનું સુખ મળ્યું,આજે એ એક સુંદર પુત્રીની મા છે.

આજે એ ઘણી એવી મહિલાઓને સમજાવવાના પ્રયાસ કરે છે કે સમય સંજોગ કે પરિસ્થિતિ સામે ક્યારેય હાર ન માનવી જોઈએ. મોડેથી માતૃત્વ માટે શરમાવાની જરૂર નથી કે સમાજના કોઈ પણ દષ્ટિકોણથી પોતાને માતા બનવાથી રોકવાની જરૂર નથી. બસ જિંદગી જીવવા માટે જીવન પ્રત્યેનો અભિગમ પોઝિટિવ હોવો જોઈએ.

પ્રફુલ્લા અગ્રવાલ ∘આશા∘
પરિચયઃ
પ્રફુલ્લા અગ્રવાલ ∘આશા∘
રાજકોટ.
આશા ઉપનામથી ઘણાં વર્ષોથી સાહિત્ય ક્ષેત્રે સંકળાયેલી છું મારી કૃતિઓ દૈનિક અખબારમાં અવારનવાર પ્રસારિત થતી હોય છે.

# યોગ અને ધ્યાન-અભ્યાસ - સંત રાજીન્દર સિંહજી મહારાજ

યોગ સૃષ્ટિની શરૂઆતથી જ પ્રાચીન ભારતનો એક ખાસ મહત્વનો ભાગ રહ્યો છે. પ્રાચીન કાળના ઋષિ-મુનિઓએ અનેક ધર્મ ગ્રંથોમાં યોગના મહત્વ નો ઉલ્લેખ કર્યો છે. ઋગ્વેદમાં પણ અનેક જગ્યાએ યૌગિક ક્રિયાઓ વિશે જાણકારી મળે છે. મહર્ષિ પતંજલિએ યોગ ની પરિભાષા આપતા કહ્યું છે કે "શ્યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃશ્ " અર્થાત યોગ દ્વારા આપણે આપણા ચંચળ મનને પણ કાબુમાં કરી શકીએ છીએ. મનુષ્ય જ્યારે પણ કોઈ શારીરિક અથવા માનસિક તકલીફ નો સામનો કરવો પડ્યો છે તો પોતાના શરીરને રોગમુક્ત કરવા માટે કોઈને કોઈ પ્રકારે યોગ દ્વારા શરીરને સ્વસ્થ કર્યુ છે અને સાથે સાથે માનસિક શાંતિ પણ પ્રાપ્ત કરી છે. પરંતુ આજના આ આધુનિક યુગની ભાગદોડ ભરેલી જિંદગીમાં આપણા ખાનપાન અને રહન-સહન માં બહુ જ બદલાવ આવ્યા છે જેના કારણે ચિંતા, તણાવ, થાક અને ચીડિયાપણું જેવી ઘણી બીમારીઓ આપણને ઘેરી લે છે.



શરૂઆતમાં તો આપણે આપણા સ્વાસ્થ્યની બિલકુલ ચિંતા નથી કરતા કેમ કે આજકાલની વ્યસ્ત જિંદગીમાં કોઈની પાસે એટલો સમય નથી કે તે પોતાના શરીરની તરફ ધ્યાન આપે પરંતુ ધીરે ધીરે આ નાની-નાની બીમારીઓ આપણા શરીરમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ગઠીયા, મોટાપો અને માઈગ્રેન જેવી અનેક ગંભીર બીમારીઓને જન્મ આપે છે. ત્યારે આપણે થોડા જાગૃત થઈએ છીએ અને આપણું ધ્યાન કોઈક યોગ તરફ જાય છે કેમ કે યોગ જ છે જે આવી બીમારીઓને જડમૂળથી ખતમ કરી શકે છે. ફક્ત પ્રાચીનકાળના યોગીઓ એ જ નહીં પરંતુ આધુનિક યુગના ડોક્ટર પણ એ વાતને પૂરી રીતે સાબિત કરીને દેખાડી છે કે યોગ જ એવી રામબાણ દવા છે કે જેના દ્વારા શારીરિક રૂપથી સ્વસ્થ રહી શકીએ છીએ અને આપણને આ હલચલ ભરી દુનિયામાં માનસિક શાંતિ પ્રદાન કરી શકે છે.

જો આપણે યોગના ફાયદા ની વાત કરીએ તો આપણે જાણીશું કે યોગના ફાયદા ઓ ની સૂચિ ક્યારેય ખતમ થાય તેવી નથી. પ્રતિદિન યોગ કરવાથી શારીરિક તંદુરસ્તી તો આવે જ છે પરંતુ તેના કરતાં પણ સૌથી વધારે માનસિક શાંતિ પણ પ્રાપ્ત થાય છે જેનાથી આપણી અંદરનો તણાવ દૂર થાય છે અને આપણું મન પણ શાંત થાય છે અને સાથે સાથે આપણા શરીરમાં મોટી મોટી બીમારીઓ થી લડવા માટે રક્ત સંચાર પણ સુચારુ રૂપ થી થાય છે. જેથી આપણી અંદર રોગોથી લડવાની શક્તિ વધી જાય છે. યોગથી આપણી પાચનક્રિયા પણ દુરસ્ત થાય છે જેના લીધે આપણી અંદર ઉર્જાનો વિકાસ થાય છે અને આપણું શરીરને લચીલું બને છે. નિયમિત યોગ કરવાથી જીવન પ્રત્યેનો ઉત્સાહ વધે છે અને આપણા અંદરના મનોબળ માં વૃદ્ધિ થાય છે. આ પ્રકારે યોગ દ્વારા આપણા તન ને જ નહીં પરંતુ મનને પણ સ્વસ્થ રાખી શકાય છે.

યોગના ઘણા પ્રકાર છે જેમકે હઠયોગ, પ્રાણ યોગ, રાજયોગ, કુંભક અને જ્ઞાન યોગ વગેરે. આ જેટલા પણ પ્રકારના યોગ છે તેને કરવા માટે એક તો એમાં બહુ જ સમય આપવો પડે છે જે આજકાલની વ્યસ્ત દિનચર્યામાં સંભવ નથી અને બીજું તેમને કરવા માટે શરીરનું પુરી રીતે સ્વસ્થ હોવું જરૂરી છે જે આજના યુગમાં સંભવ નથી.

આ બધી યોગિક ક્રિયા ફક્ત આપણા શરીરને સ્વસ્થ રાખે છે પરંતુ સુરત શબ્દ યોગ એક એવી વિધિ છે જે પૂર્ણ રીતે આધ્યાત્મિક છે અને તે ન કેવળ આપણા તન અને મનને પરંતુ આપણી આત્મા ને પણ તંદુરસ્ત રાખે છે. પરમ સંત કૃપાલસિંહ જી મહારાજે આ સુરત શબ્દ યોગ વિશે કહ્યું છે કે "જો આપણી આત્મા તંદુરસ્ત હશે તો આપણું તન અને મન આપોઆપ તંદુરસ્ત થઈ જશે". સુરત શબ્દ પ્રયોગ આપણને સમજાવે છે કે સુરત જે આપણી આત્માનું બાહ્ય સ્વરૂપ છે તે જ્યારે પ્રભુના શબ્દ સાથે જોડાય છે તો પછી જ્યાંથી આપણે આવ્યા છીએ તે પિતા પરમેશ્વર ના ઘર આપણે પરત જઈ શકીએ છીએ . જ્યારે આપણે પ્રભુના શબ્દની સાથે જોડાઈ એ છીએ તો આપણે અંદર ની દુનિયા માં જવાના લાયક થઈએ છીએ અને આપણી આત્મા નો મેળાપ પરમાત્મા સાથે થઈ શકે છે. આ અનુભવ આપણને આનંદ અને શાંતિ આપે છે. અને આપણને અંદરની મોજ ના આલમમાં લઈ જાય છે કેમ કે અંદર ની યાત્રા પ્રેમ અને ખુબસુરતીથી ભરેલી છે. સુરત શબ્દ યોગ દ્વારા આપણે આપણું ધ્યાન જે આ સમયે બહારની દુનિયામાં જઈ રહ્યું છે તેને અંદરની દુનિયામાં લઈ જઈએ છીએ. આને મેડીટેશન, ભજન-સિમરન, ધ્યાન ટેકવવુ પણ કહેવાય છે. આનો અભ્યાસ કોઈપણ કરી શકે છે ભલે તે નાનો છોકરો હોય કે વૃદ્ધ હોય, ભલે તે એક ધર્મ અને માનવા વાળો હોય કે બીજા ધર્મને માનવા વાળો હોય, ભલે તે એક દેશ માં રહેતો હોય કે બીજા દેશમાં રહેતો હોય આ એક સરળ રીત છે જેનો અભ્યાસ તંદુરસ્ત હોય કે બીમાર હોય કોઈપણ કરી શકે છે. તેને આપણે ઘરમાં અથવા ઓફિસમાં પણ કરી શકીએ છીએ. આનો પ્રતિ દિવસ અભ્યાસ કરવાથી આપણને દરેક જગ્યાએ પ્રભુ નું રૂપ દેખાવા લાગે છે અને પછી આપણને એ અનુભવ થવા લાગે છે કે જે પ્રભુની જ્યોતિ મારામાં છે તે જ બીજામાં છે જેથી આપણી અંદર એક બદલાવ આવે છે.

# સતત ત્રીજા વર્ષે" ભીમ યુવાશક્તિ ગ્રુપ વડાલી" તરફથી વડાલી વણકર સમાજના બાળકોને વિના મૂલ્યે નોટબુક વિતરણ કરવામાં આવ્યું



તારીખ ૧૭/૬/૨૦૨૪ ને સોમવારે કપડવંજ તાલુકાના વડાલી ખાતે ભીમ યુવાશક્તિ ગ્રુપ દ્વારા ત્રીજા વર્ષે વિના મૂલ્યે નોટબુક વિતરણ કરવામાં આવ્યું જેમાં ધોરણ એકથી કોલેજ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઓને ભણતરમાં ઉપયોગી થાય એવા શુભ આશયથી નોટબુક વિતરણ કરવામાં આવ્યું.

વધતી મોંઘવારીમાં માતાપિતા ને પણ રાહત મળે બાળકોને પ્રોત્સાહન મળે એ માટે દર વર્ષે ભીમ યુવાશક્તિ ગ્રુપ વડાલી તરફથી શૈક્ષણિક ક્ષેત્રે હંમેશ માટે આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ સમાજ યુવા પેઢીને અને બાળકો ને નવો રાહ ચીંધે છે.

શિક્ષણ જ સર્વોપરી છે શિક્ષણ થકી જીવન ઘડતર થાય છે અન્ય કાર્યક્રમો નાણાં વ્યય કરવાને બદલે બાળકો માટે શિક્ષણ માં ઉપયોગી થાય એજ ભીમ યુવાશક્તિ ગ્રુપ નો ઉદેશ રહ્યો છે.જેમાં સહયોગી મિત્રો વણકર નરેશ.એન.,કાંતિભાઈ એમ., બી.ડી.રાજન, તુષાર કુમાર.જે.તથા દીપક.એન આર્થિક યોગદાન પૂરું પાડ્યું હતું. નરેશ ભાઈ તથા રાજન ભાઈ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે શિક્ષણ જ પારસમણી છે. ભણતરથી ભવ તરી શકાય છે ભાગ્ય ઘડવું હોય તો મળેલા સમયનો સદુપયોગ કરવો મોબાઈલ નો ઉપયોગ અભ્યાસ હેતુ જ કરજો તો આપ અવશ્ય કુટુંબ ગામનું નામ ઉજ્જવળ કરશો.

અન્ય ઉપસ્થિત સમાજ જનો યુવા ઓ માતા ઓ બહેનો પણ હાજર રહી બાળકો માટેના કાર્યક્રમને બિરદાવ્યો હતો. દિલીપકુમાર.બી. તથા દિપકકુમાર.એસ. દિનેશ.એસ જેવા મિત્રો હાજરી આપી હતી.આ કાર્ય માટે ઉપસ્થિત મિત્રો એ ભીમ યુવાશક્તિ ગ્રુપ વડાલી ને હાર્દિક આભાર માન્યો હતો કે આ પ્રકારની કાર્યપ્રણાલીને ને આગળ ધપાવી સમાજ માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરુ પાડી રહ્યા છે.કાર્યક્રમનું સંચાલન નરેશભાઈ એન.વણકર અને બી. ડી રાજન તથા તુષાર પરમારે કર્યું હતું.



તા.૧૫-૬-૨૦૨૪ શનિવાર સવારે ૧૦-૦૦ થી ૧૨-૩૦ દરમ્યાન મનોદિવ્યાંગ બાળકોના બૌધિક કૌશલ્ય વર્ધન માટે સતત કાર્યરત સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંસ્થા-જાયન્ટ્સ અમદાવાદ મેઈન સહિયર- લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલ-ગાયત્રી પરિવાર નારણપુરાના સહયોગથી લાયન ગિરીશ પટેલ પબ્લિક રિલેશન ઓફિસર લાયન્સ ઈન્ટરનેશનલ,વીણાબેન પટેલ જાયન્ટ્સ અમદાવાદ મેઈન સહિયર,ગાયત્રી પરિજનો,સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશનના સ્ટાફ મિત્રો તથા સૌ આમંત્રિતોની ઉપસ્થિતમાં ગાયત્રી જયંતિ-ગંગા દશેરા પૂજન અને અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના આધ્ય સ્થાપક પ.પૂજ્ય ગુરુદેવ પં.શ્રીરામ શર્મા આચાર્યજીના મહાપ્રયાણ નિમિત્તે તેમજ શાળા પ્રવેશોત્સવની ઉજવણી મનોદિવ્યાંગ બાળકોના વિદ્યાભ્યાસનો શુભારંભ ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા સરસ્વતી પૂજન-વિદ્યારંભ સંસ્કાર-ગંગા પૂજન ગાયત્રી દિપયજ્ઞના માધ્યમથી અખબાર નગર સર્કલ નજીક,નવાવાડજ વિસ્તારમાં સ્મિત ચાઈલ્ડ ડેવલપમેન્ટ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ ખાતે કરવામાં આવ્યો હતો તથા સંચાલક ચંદ્રસિંહ ચૌહાણના માર્ગદર્શનમાં ચિત્ર સ્પર્ધાના કાર્યક્રમનું આયોજન તથા દરેક બાળકને કુલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું કરવામાં આવ્યું હતું કાર્યક્રમના અંતે સ્વાદિષ્ટ ભોજન દ્વારા બાળકોને ખુશ તથા પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો શિક્ષણલક્ષી ઐતિહાસિક નિર્ણય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં થયેલ ચર્ચા સંદર્ભે પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું હતુ કે, રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ-ઇન-એડ શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં ૭,૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરાશે.

રાજ્યની ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં્ છ્-જીર્ષ્હક્ષ્ક્ષ્કિ અને્ છ્-ૐક્ષ્રરીજીર્ષ્હક્ષ્ક્ષ્કિ પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરાશે.

તેમણે વધુમાં કહ્યું કે,્ ઈ્-૧ અને્ ઈ્-૨ ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા હાથ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

વધુ વિગતો આપતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું હતું કે, માધ્યમિક એટલે કે ધોરણ ૯ અને ધોરણ ૧૦ની સરકારી શાળામાં કુલ ૫૦૦ અને ગ્રાન્ટ-ઈન-એડ શાળામાં ૩,૦૦૦ એમ કુલ ૩૫૦૦્ છ્-૧ પાસ થયેલ ઉમેદવારોની ભરતી કરાશે.

જ્યારે ઉચ્ચર માધ્યમિક એટલે કે ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ માં સરકારી શાળામાં ૭૫૦ અને ગ્રાન્ટ -ઈન – એડ શાળામાં ૩૨૫૦ એમ મળીને્ છ્-૨ ના કુલ ૪૦૦૦ જેટલા ઉમેદવારોની ભરતી કરાશે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ.

મંત્રી શ્રી એ વધુમા કહ્યું કે, તાજેતરમાં ૧૫૦૦ જેટલા ૐસ્છ્ પ્રિન્સીપાલની ભરતી રાજ્યની ગ્રાન્ટ ઈન એડ શાળાઓમાં કરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૧૮,૩૮૨ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી છે.

# પદ્મશ્રી નાના ચુડાસમા જીના જન્મદિવસે ટીબીના ૩૦ દર્દીઓને કીટ વિતરણ કરવામાં આવ્યું




જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન મુંબઈના વર્લ્ડ ચેરમેન પદ્મશ્રી નાના ચુડાસમાજીના જન્મદિવસ નિમિત્તે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા તેમજ શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિર સાળંગપુર ના સંયોગથી બોટાદના વસતા ટીબીના દર્દીઓ માટે કીટ વિતરણ કરી ટીબી રોગ નાબૂદ કરવાના પ્રયાસ તરફ એક કદમ આગળ ભરવામાં આવ્યું. સમગ્ર ભારતમાંથી ટીબી રોગ નાબૂદ થાય એ માટે બોટાદ માંથી પણ ટીબીના દર્દીઓ શોધીને તેઓને એક કીટ જેમાં (૧ કિલો ચણા,૧કિલો ગોળ,૫૦૦ ગ્રામ તેલ તેમજ પ્રોટીન પાવડરનો એક ડબ્બો અંદાજિત કિંમત ૫૦૦?) કીટ બનાવી આપવામાં આવી સમગ્ર બોટાદમાંથી આવા ૩૦ દર્દીઓને પ્રાથમિક શાળા નંબર ત્રણ આવેલા ગેટ ખાતે આરોગ્ય કર્મચારીઓના સાથ અને સહકારથી આપવામાં આવ્યું.ટીબીના દર્દીઓને કીટ વિતરણ કાર્યક્રમમાં ગ્રુપ પ્રમુખશ્રી ચંદુભાઈ સાવલિયા, ફેડરેશન પ્રમુખશ્રી કેતનભાઇ રોજેસરા યુનિટ ડાયરેક્ટર શ્રી સીએલ ભીકડિયા, ડી.એ દિપકભાઈ માથુકિયા,પૂર્વ પ્રમુખશ્રી નિલેશભાઈ કોઠારી, દિલીપભાઈ ભલગામિયા, મહેન્દ્રભાઈ ભલગામિયા,મુકેશભાઈ જોટાણીયા,મનસુરભાઈ ખલ્યાણી, કલ્પેશભાઈ ગાંધી, ડો.પરેશભાઈ દરજી, મહેશભાઈ શાહ, અશ્વિનભાઈ બોરીચા,કલ્પેશભાઈ કાનેટિયા તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ટીબીના દર્દીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ.



## મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા કેરમ સ્પર્ધા

**બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમ સી એફ) દ્વારા યોજાયેલી કેરમ સ્પર્ધામાં ૮૩ જણે ભાગ લીધો હતો અને વિવિધ કેટેગરીના વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા અનેક રમત સ્પર્ધાનું નિયમિત આયોજન કરાય છે.**

# પદ્મશ્રી નાના ચુડાસમાજીના જન્મદિવસ ૨૫૦ રોપાઓનું વૃક્ષારોપણ કરી ઉજવવામાં આવ્યો




જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન મુંબઈ ના પ્રણેતા એવા વર્લ્ડ ચેરમેન પદ્મશ્રી નાના ચુડાસમા જીનો આજે જન્મદિવસ હોય તેમ જ ફેડરેશન પ્રેસિડેન્ટ શ્રી કેતનભાઇ રોજીસરા ના પત્ર મુજબ વર્લ્ડ ચેરમેન પદ્મશ્રી નાના ચુડાસમાજીના જન્મદિવસની ઉજવણી વધુમાં વધુ વૃક્ષારોપણ કરી અનોખી રીતે ઉજવવામાં આવે એના માર્ગદર્શન તળે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા આજે ૨૫૦ વૃક્ષો ખુશ્બુ રેસીડેન્સી ખાસ રોડ મોડેલ સ્કૂલની બાજુમાં બોટાદ ખાતે વાવી પદ્મશ્રી નાના ચુડાસમા જીના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરી સાચી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

આજના આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ફેડરેશન પ્રેસિડેન્ટ કેતનભાઇ રોજેસરા, યુનિટ ડાયરેક્ટર સીએલ ભિકડીયા, ડી.એ દીપકભાઈ માથુકિયા, પૂર્વ પ્રમુખ નિલેશભાઈ કોઠારી, મુકેશભાઈ જોટાણીયા, ઈમરાન ભાઈ રાવાણી, હિતેશભાઈ મેર, સમીરભાઈ દોશી, મનસુરભાઈ ખલ્યાણી,અતુલભાઇ વાઘેલા, તેમજ ખુશ્બુ રેસીડેન્સી ના માલિક તેમજ ત્યાંના સભ્યો હાજર રહી વૃક્ષારોપણ કાર્યક્રમ સફળ રીતે કરેલ.

# અરવલ્લી: મહીસાગરના કોન્ટ્રાક્ટરે અધિકારીઓના ત્રાસથી આત્મહત્યા કરી લેતા અરવલ્લી જીલ્લાના કોન્ટ્રાકરોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું



સૌરભ ત્રિવેદી
અરવલ્લી
૧૮/૦૬/૨૪

મહીસાગરના થાંભા ગામના અને સરકારી કોન્ટ્રાક્ટર તરીકે જીવન નિર્વાહ ચલાવતા કનુભાઇ પટેલે તેમણે કરેલા બે કરોડના કામકાજના બિલ કઢાવવા માટે અધિકારીઓ ઉંચી ટકાવારી માંગની કરતા હોવાના આક્ષેપ સાથે કોન્ટ્રાક્ટર આર્થિક ભીડના પગલે થોડા દિવસ અગાઉ કપડવંજ તાલુકાના ઘડિયા ગામ નજીક ઝાડ પર ગળેફાંસો ખાઈ લેતા ભારે ચકચાર મચી હતી ગુજરાત કોન્ટ્રાક્ટ એસોસિએશનના સભ્ય કનુભાઈએ અધિકારીઓના ત્રાસથી આત્મહત્યા કરી લેતા તેના પડઘા સમગ્ર ગુજરાતમાં પડ્યા હતા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા કોન્ટ્રાક્ટ એસોસિએશને જીલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીકને આવેદનપત્ર આપી જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને બિલના નાણાની રકમ કોન્ટ્રાક્ટરના પરિવારને ઝડપથી ચૂકવવા માંગ કરી હતી. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા કોન્ટ્રાક્ટર એસોસિએશને અરવલ્લી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટર કનુભાઈ પટેલે સરકારી કામકાજના બિલ અધિકારીઓએ નહીં ચુકવાતા આર્થિક સંકડામણ અનુભવતા આત્મહત્યા કરવા મજબૂર બન્યા હતા મૃતક કનુભાઈ પટેલએ કરેલા કામના બિલ માટે છેલ્લી કક્ષાના પ્રયત્નો કરેલા હતા. આત્મહત્યાના બે-ત્રણ દિવસ પહેલા પણ તેઓએ જે તે અધિકારીને કીધું હતું કે મારું બીલ કરાવો નહિતર મારે નાણાના ભીડના લીધે સુસાઇડ કરવો પડશે તેમ છતાં અધિકારીએ તેમની વાતને ગંભીરતાથી ના લીધી અને એવું જણવા મળ્યુ છે કે જે તે અધિકારી બીલ કાઢવા માટે ઉચ્ચ ટકાવારીની માંગણી કરતા હતા અને કામ ચાલુ હોવા છતા ખોટી નોટીસ આપીને માનસિક ત્રાસ આપતા હતા અને અમાનવીય વર્તન કરતા હતા તો આવા નિષ્ઠુર અને લોભી અધિકારીને શિક્ષાત્મક પગલાં લઈને આકરામાં આકરી સજા કરવામાં આવેની માંગ કરી સરકારમાં રજૂઆત કરવામાં આવે તેમજ તેમના બાકી બીલના નાણા કોન્ટ્રાક્ટર પરિવારને ઝડપથી ચૂકવવામાં આવેની માંગ કરી હતી .

# કાઠી દરબાર શિક્ષણ સંકલન ટીમ બોટાદ દ્વારા પાળિયાદ ઠાકર પૂજ્ય શ્રી નિર્મળાબા ઊનડબાપુ તથા આદરણીયશ્રી ભયલુબાપુનુ અભિવાદન... સન્માન



લાખો લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર એવાં પૂજ્યશ્રી વિસામણબાપુની જગ્યા વિહળધામ પાળિયાદની દિવ્ય પરંપરા વર્ષોથી સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત રહી છે અને આથીજ સમગ્ર ભારત ભરના તમામ પરમ આદરણીય સંતો -મહંતશ્રીઓ અને સાધુ સમાજનો વર્તમાન મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ઊનડબાપુ તથા અખિલ ભારતીય સંત સમિતિના સદસ્ય શ્રી તથા વિહળધામ પાળિયાદના પ્રેરક,સંચાલક આદરણીયશ્રી ભયલુબાપુ માટે વિશેષ આદરભાવ અને સ્નેહ રહ્યોં છે. ઋષિઓ અને મહર્ષિઓની ભવ્ય ભારતની આ સનાતન પરંપરાના શ્રેષ્ઠ વહન, સંરક્ષણ અને સંવર્ધન માટે કટિબદ્ધ બનતાં શ્રી સનાતન ધર્મ સંસ્થાન સેવા ટ્રસ્ટ -ભારતના અધ્યક્ષ દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય પૂજ્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતી મહારાજના અધ્યક્ષ સ્થાને રાજકોટ ત્રંબા મુકામે ×સનાતન ધર્મ સંત સંગોષ્ઠી×નું ભવ્ય દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક ક્ષણે પાળિયાદના શ્રી વિસામણબાપુની જગ્યાનાં મહંત પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ઊનડબાપુને વિશેષ પદ આપતાં સમગ્ર ભારતના સનાતન ધર્મના સભ્યશ્રી તરીકે નિયુક્ત કરવામાં આવતાં પૂજ્ય બા માટે સવિશેષ આદરભાવ અને ગૌરવ અનુભવતાં કાઠી દરબાર શિક્ષણ સંકલન ટીમ બોટાદ દ્વારા સુંદર મોમેન્ટો,શાલ, પુષ્પમાળા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તથા વિહળધામ પાળિયાદમાં સનાતન ધર્મની જ્યોત સતત ઝળહળતી રાખવા બદલ પરમ આદરણીય શ્રી ભયલુબાપુનુ અયોધ્યા રામમંદિરની વિશેષ મોમેન્ટ પ્રતિકૃતિ તથા શાલ, પુષ્પમાળાથી ભવ્ય સન્માન કરી આશીર્વાદ મેળવ્યા હતાં.

અહેવાલ કનુભાઈ ખાચર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.